ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ-૨૦૧૧ અંતર્ગત નોટીસ પાઠવવાની છ માસની નિયત અવધિ તેમજ અરજદારશ્રી દ્વારા અરજી કરવાની અવધિ વધુ છ માસનો વધારો કરવા અંગે

ગુજરાત સરકાર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

હુકમ ક્રમાંક : અનધ-૧૦૨૦૧૧-૫૩૧૯-લ (પાર્ટ)

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૧૯.૦૨.૨૦૧૩

**આમુખ:**

ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબધ્ધ કરવા બાબતે, કાનુની પ્રક્રિયા અનુસર્યા બાદ સને.૨૦૧૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૨૬ ઓફ ૨૦૧૧ તા.૧૨.૧૦.૨૦૧૧થી બહાર પાડેલ છે. અને તેના સરળ અમલીકરણ માટે તા.૧૮.૦૨.૨૦૧૨ના રોજ સરકારે ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત, નિયમો-૨૦૧૧ પ્રસિધ્ધ કરેલ છે. ઉપરોકત અધિનિયમ તથા નિયમોની જોગવાઇ હેઠળ નિર્દિષ્ટ સત્તામંડળે અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાના હેતુ માટે કાયદાના અમલની તારીખથી છ માસની મુદતની અંદર સંબંધિતોને નોટીસ બજાવવાની તેમજ અરજદારશ્રી દ્વારા સીધી અરજી કરવાની રહે છે. છ માસની આ અવધિ તા.૧૯.૦૮.૨૦૧૨ના રોજ પુર્ણ થયેલ અને ત્યાર બાદ તા.૧૭.૦૮.૨૦૧૨ના હુકમથી આ અવધિ તા.૧૯.૦૨.૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ, પરંતુ મહાનગરપાલિકા તથા સત્તામંડળો તરફથી થયેલ રજુઆતો અન્વયે આ અધિનિયમની મુદત વૃધ્ધિ કરવા માટેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી અને કાળજીપુર્વક વિચારણાને અંતે હવે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

ઉપર્યુકત તમામ હકીકતો અને વિગતો ધ્યાનમાં લેઇને, ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ની કલમ-૫(૨) અને તેના પરંતુક હેઠળ મળતી સત્તાની રૂએ, તથા નિયમો અન્વયે નિર્દિષ્ટ સત્તામંડળે અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાના હેતુ માટે આપવાની થતી નોટીસ તથા અરજદારશ્રી દ્વારા કરવાની થતી અરજી માટેની પ્રવર્તમાન અવધિ આથી વધુ છ માસ એટલે કે, તા.૧૯.૦૮.૨૦૧૩ સુધી લંબાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને નામે,

(પી.એલ.શર્મા)

ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

G:\GRUDA\GRUDA_18022013\time limit extenstion order.DOC

Generated by CamScanner from intsig.com